# લવારપુર સીમમાંથી બાયોડિઝલનો ૮.૮૦ લાખનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર નજીક લવારપુર ગામની સીમમાંથી ૧૨,૮૦૦ બાયો ડિઝલનો જથ્થો ઝડપાયો છે. ગલાલ એન્ટરપ્રાઈઝ રેતીના ડિઝલનો વેપાર ધમધમી રહ્યો છે. ત્યારે બાયો ડીઝલના વેચાણ અને સંગ્રહખોરી કરતા શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની ગાંધીનગર રેન્જ આઈજીપી અભય ચુડાસમા તેમજ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા સુચના આપવામાં આવી હતી. જે અન્વયે એલસીબી પોલીસની ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન લવારપુર ગામની સીમમાં ગલાલ એન્ટરપ્રાઈઝ રેતીના સ્ટોકીસ્ટ દ્વારા ગેરકાયદેસર રીતે બાયો ડિઝલનો જથ્થો સંગહ કરવામાં આવ્યો હોવાની બાતમી મળી હતી. એલસીબી પોલીસે બાતમીવાળી જગ્યાએ રેઈડ પાડતા પોલીસ દ્વારા વાહનો ભરેલો બાયો ડિઝલનો જથ્થો તેમજ સિમેન્ટની બનાવેલી ઓરડીમાંથી બે પ્લાસ્ટીકની ટાંકી, ૯ પ્લાસ્ટીકના બેરલ, એક મીની ટેન્કર બાયો ડિઝલ કાઢવા માટેની નોઝલ મળી આવી હતી.જયારે પ્રાથમિક તપાસમાં ગલાલ એન્ટરપ્રાઈઝના પરેશ મોતીભાઈ પટેલ (રહે ગીયોડ)પાસેથી મીની ટેન્કર પણ જપ્ત કરાયું છે. તે ઉપરાંત બાયો ડિઝલના જથ્થા સીઝ કરી કુલ રૂ.૮.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની વધારાની તપાસ હાથ ધરી છે.




સ્ટોકીસ્ટ દ્વારા પોતાના વાહનોમાં ભરવા માટે બાયો ડિઝલનો જથ્થો એકઠો કરાયો હતો. એલસીબી પોલીસે મીની ટેન્કર અને ૧૨,૮૦૦ બાયો ડિઝલનો જથ્થો કિં.રૂ.૮.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી માલિક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેર અને તેની આપાસના વિસ્તારમાં બાયો

# ઉવારસદ ખાતે મકાન મુદ્દે બે ભાઈઓ વચ્ચે મારામારીનાં દ્રશ્યો સર્જાયાં

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર પાસે ઉવારસદ ગામે મકાન મુદ્દે બે ભાઈઓ વચ્ચે મારામારી થતા પોલીસ ફરીયાદ નોધાઈ છે.ઉવારસદ ટેકરાવાળા વાસ ખાતે રહેતા રાજુભાઈ હુકાભાઈ દંતાણીએ નોંધાવેલી ફરીયાદ મુજબ શનિવારના સાંજના સમયે સેકટર-૩ સી ખાતે રહેતા રાજુભાઈના કાકાનો દિકરો કનુભાઈ ગુલાબચંદ દંતાણી તેમનો દિકરો કેતન તેમજ બનેવી બળદેવભાઈ ભીખાભાઈ દંતાણી અને કનુભાઈનો ભાણેજ આવ્યો હતો.ચારેય વ્યકિત રાજુભાઈના ઘર પાસે આવીને ગાળા ગાળી કરી રહ્યા હતા. કનુભાઈએ ફરીયાદી રહે છે તે ઘર પોતાનું હોવાની કહીને ઘર ખાલી કરવા માટે કહ્યું હતું. અપશબ્દો બોલવાની ના પાડતા કનુભાઈએ પિતરાઈ ભાઈ રાજુભાઈને માથામાં લાકડી મારી હતી. આ સમયે વચ્ચે પડેલા તેમના દિકરા અને તેમના પત્નિને પણ ચારેય વ્યકિતઓએ માર માર્યો હતો. કનુભાઈએ પોતાના ભાભીને પણ લાફો મારી દીધો હતો. ઝઘડાને પગલે હોહા થતા આસપાસના વિસ્તારમાંથી નાગરીકો દોડી આવતા ચારેય જણા નાસી ગયા હતા.તેઓ જતા જતા મકાન ખાલી નહી કરો તો જાનથી મારી નાંખશુ કહીને ધમકી આપી હતી. મારામારીમાં ઈજા પહોંચતા ગાંધીનગર સિવિલ ખાતે સારવાર લીધી હતી. રાજુભાઈને માથાના ભાગે ૬ ટાંકા આવ્યા હતા. બનાવ અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# છાલા ખાતે જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેર-ગ્રામ્ય વિસ્તારમાં જુગારની મૌસમ પુરબહારમાં ખીલી ઉઠી છે. જિલ્લા વિસ્તારમાંથી રોજ જુગારીઓ ઝડપાય છે. ત્યારે છાલા ગામના તળાવ પાસે બાજી માંડીને બેઠેલા પાંચ જુગારીઓ પોલીસના સકંજામાં આવી ગયા હતા. ચિલોડા પોલીસ મથકના સ્ટાફના જવાનો સાંજના સમયે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન છાલા ગામના તળાવ પાસે જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી મળી હતી.

જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ કરતા જુગારીઓમાં ભાગદોડ મચી જવા પામી હતી. પોલીસના હાથે ઝડપાયેલા જુગારીઓમાં રમેશ બાબુભાઈ ઠાકોર (ઉં.૩૦), અજય લાલાભાઈ ઠાકોર, અનિલ ઉદાભાઈ ઠાકોર (ઉં.૨૬), રમેશ ઉર્ફે મેમન સાદલાજી સરગરા (ઉં.૪૫) તેમજ ભાવેશ ફતાજી મારવાડી(ઉં.૩૦)નો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓ પાસેથી દાવ પરથી તેમજ અંગજડતી દરમિયાન રૂ.૪૩૬૦ રોકડા જપ્ત કર્યા હતા. જયારે પોલીસે તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ અને એપેડેમીક ડીસીઝ એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## મગોડી સ્થિત રાહેલબા વૃધ્ધાશ્રમમાં સેવાભાવી નાગરિકો દ્વારા અન્નદાન અને વસ્ત્રદાન કરાયું

ચિલોડા, તા. ૨૫

ગાંધીનગર તાલુકાના મગોડી ગામે 'રાહેલબા વૃધ્ધાશ્રમ'માં વૃદ્ધ, અશક્ત, બીનવારસીઓનું આશ્રયસ્થાનમાં અમદાવાદ નિવાસી ક્રિષ્ણા બાઈકસ-અમદાવાદના બ્રહ્મભટ્ટ ભરતકુમાર કેશવલાલ પરિવાર તરફથી તેમના પિતા સ્વ. કેશવલાલ નાથાજીની પુણ્યતિથિ નિમિત્તે વડીલોને અન્નદાન અને વસ્ત્રદાન કરવામાં આવ્યું.

સંસ્થા, સમાજ અને પરિવાર તરફથી સ્વર્ગસ્થ આત્માને પ્રભુ પરમ સાંતિ અર્પે તેવી શ્રદ્ધાજલિ પાઠવવામાં આવી હતી. સંસ્થા દ્વારા નિર્મલાબેન અને યશવંતસિંહ ઝાલા તરફથી સેવાભાવી દાતાઓ અને મહેમાનોનું સ્વાગત કરી અંતે આભારવિધિ કરવામાં આવી હતી.



## ચિલોડા પંથકમાં મેઘરાજાની પધરામણી : ખરીફ પાકોને જીવતદાન

'તાઉ'ના પ્રચંડ વાવાઝોડા બાદ લાંબી રાહ જોવડાવ્યા બાદ અડધા અષાઢે મેઘ પધરામણી થતાં ખરીફપાકો જેવા કે મગફળી, ડાંગર, કપાસ, જુવાર, શાકભાજીના પાકોમાં જીવતદાન મળતાં ખેડૂતોને મહા ચિંતામાંથી રાહત મળતાં ખુશીની લાગણી પ્રસરવા પામી હતી. ચિલોડા પંથકમાં મહામુસીબતે ડાંગર, કપાસ અને મગફળીના પાકોના વાવેતરમાં મોંઘુદાટ બિયારણ, ખાતર, ખેડ કર્યા બાદ વરસાદ ખેંચાતા ચિંતાના વાદળો છવાયા હતા. વરસાદની વાટ જોતાં જુલાઈ માસ કોરો જતાં છેલ્લાં એક માસથી બાફ અને ઉકળાટ તેમજ છવાયેલાં વાદળોથી લોકો પરેશાન બન્યા હતા. ત્યારે કુદરતની લીલા અપરંપાર હોવાથી ૨૫ મી જુલાઈથી સવારથી ચિલોડા પંથકમાં ધીમીદારે છૂટાછવાયા મધ્યમ ઝાપટાં અને વરસાદી માહોલથી ખરીફ પાકને જીવતદાન મળતાં કાચું સોનુ સમાન મેઘ પધરાણીથી ખેડૂતોના હૈયે ઠંડક વળતાં ગરમીમાંથી છૂટકારો મળ્યો હતો.


# પરમાત્માએ સુંદર પ્રકૃતિ અર્પણ કરી છે, તેનું અનાવશ્યક દોહન ન કરીએ : રાજ્યપાલશ્રી

### ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ઐતિહાસિક યાત્રાધામ શ્રી સ્વામિનારાયણ મંદિર, કુંડળધામની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ બોટાદ જિલ્લાના ઐતિહાસિક યાત્રાધામ શ્રી સ્વામિનારાયણ મંદિર કુંડળધામની મુલાકાત પ્રસંગે જણાવ્યું હતું કે પરમાત્માએ આપણને સુંદર પ્રકૃતિ અર્પણ કરી છે જેનું આપણે અનાવશ્યક દોહન ન કરવું જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે જો આપણે અનાવશ્યક દોહન કરીએ છીએ ત્યારે પ્રકૃતિ નારાજ થાય છે અને તેના માઠા પરિણામો આજે આપણે જોઈ શકીએ છે.

રાજ્યપાલશ્રીએ તેમના સંબોધનમાં કહ્યું કે વેદ વાણી આપણને મનુષ્ય બનવાની પ્રેરણા આપે છે. તેમણે એમ પણ કહ્યું કે આજે આપણે મનુષ્ય બનવાના બદલે ધર્મના વાડાઓમાં વહેંચાઈને એકબીજા પ્રત્યે ઈર્ષા અને દ્વેષભાવ કરીએ છીએ, જેની વિશ્વમાં અશાંતિ ઉભી થઈ છે. રાજ્યપાલશ્રીએ સંતોના સમાજસેવા અંગેના કાર્યની



પ્રશંસા કરતાં કહ્યું કે સંતો વાદળ જેવા હોય છે, જેમ વાદળ સમુદ્રનું ખારૂ પાણી મીઠું બનાવે છે, તે જ રીતે સંતો પણ સમાજમાં પરોપકારની વૃત્તિ દ્વારા લોકોને શાતા આપે છે.

આચાર્ય દેવવ્રતજી એ આ પ્રસંગે કુંડળ ધામ સ્વામિનારાયણ મંદિરની પ્રવૃત્તિઓની પ્રશંસા કરતા કહ્યું કે સંતો આધ્યાત્મિક જ્ઞાન દ્વારા સમાજમાં મન અને આત્માને બળવાન કરી સમગ્ર વિશ્વના કલ્યાણનું કાર્ય કરી રહ્યા છે.

રાજ્યપાલશ્રી અને પૂજ્ય જ્ઞાનજીવન સ્વામીના હસ્તે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. રાજ્યપાલશ્રીએ આ અવસરે વૃક્ષોનો મહિમા વર્ણવતા કહ્યું કે આપણા શાસ્ત્રોમાં વૃક્ષોને દેવતા કહેવામાં આવ્યા છે જેમ દેવતા જીવન આપે છે તેમ વૃક્ષો પણ જીવનદાયી છે અને તેથી જ આપણે વૃક્ષોની પૂજા કરીએ છીએ તેમણે ઉમેર્યું કે વૃક્ષોની પૂજા દ્વારા આપણે પરમાત્માની વ્યવસ્થામાં સહયોગ આપીએ છીએ.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ કુંડળખાતે આવેલ કુંડલેશ્વર મહાદેવ, મુખ્ય મંદિર, દરબાર ગઢ, ઔષધવાટીકા, પ્રાકૃતિક કૃષિ, પવિત્ર ઉતાવળી નદી, જોગીવન તથા ગૌશાળાની મુલાકાત લઈ ગૌમાતાનું પૂજન કર્યું હતું.



ચોમાસાની ઋતુમાં ઠેર ઠેર વૃક્ષારોપણના કાર્યક્રમો યોજવામાં આવે છે. સેક્ટર-૨૬ કિસાનનગર ખાતે યોજાયેલા વૃક્ષારોપણ કાર્યક્રમમાં ૧૨૫ જેટલા છોડવાઓ રોપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ઉમિયા પર્યાવરણ ગ્રુપના મહેશભાઈ પુરોહિત, રાજેશભાઈ પટેલ, દિનેશભાઈ પટેલ અને ધમાભાઈ પટેલ જોડાયા હતા.

## ખૂણેખાંચરેથી

- આજે વરસાદી માહોલને કારણે દાળવડા અને અન્ય ગરમ નાસ્તાની ઘરાકીમાં જોરદાર ઉછાળો આવ્યો હતો.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં વેપારીઓ-હોકર્સના ખાસ રસીકરણ અભિયાનને પગલે સરકારી કચેરીઓ ધમધમતી જોવા મળી હતી.
- ગઈકાલ સાંજથી મેઘરાજાની સવારી જિલ્લામાં આવી પહોંચતા વરસાદી પાણી ભરાઈ જવાની ફરિયાદો ઉઠવા પામી છે.
- રાજ્યમાં ભારે વરસાદની આગાહીને પગલે સરકારે વિવિધ જિલ્લાઓમાં એન.ડી.આર.એફ.ની ટીમો ફાળવી છે.
- ખેરાલુ, વિસનગર, વસઈ, ગોઝારીયાથી અમદાવાદ બસમાં રોજીંદો પ્રવાસ કરતા પ્રવાસીઓના ગૃપે આજે ચાતુર્માસને લઈ જરૂરિયાતમંદ ૨૫૦ થી વધુ લોકોને ફૂડ પેકેટ્સનું વિતરણ કર્યુ હતુ. સુખડી, પુરી સહિતના આ ફૂડ પેકેટ્સ દિવાળી પર્વે પણ આ ગૃપ દ્વારા વિતરણ કરવામાં આવે છે.
- સીમા સુરક્ષા બલ (બી.એસ.એફ.) ગુજરાત ફંટીયર દ્વારા આજથી વૃક્ષારોપણ અભિયાનનો આરંભ તેના મુખ્યાલયથી કરવામાં આવ્યો હતો.
- ગૌરીવ્રતનો અંતિમ દિવસ હોવાથી નદી કિનારે જવારાઓ પધરાવવા નગરજનો ઉમટ્યા હતા. પરંતુ નદી સુકી હોવાથી થોડીક નિરાશા પણ નગરજનોને થઈ હતી.

## ઈસનપુર મોટા ખાતે શ્રી માધવાનંદ ભજનાશ્રમનું લોકાર્પણ કરાયું

ગુરૂપૂર્ણિમાના પવિત્ર પાવન દિવસે ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા ગામે શ્રી માધવાનંદ ભજનાશ્રમનું લોકાર્પણ સમારોહ યોજાયો હતો. આ લોકાર્પણ પ્રસંગે કાર્યક્રમની વિગત તથા પરમપૂજ્ય માધવાનંદ સાગર સ્વામીજી મહારાજ તથા ગામના જયંતિભાઈ પટેલ દ્વારા આપવામાં આવી હતી. અખંડાનંદ પરિવાર ઈસનપુરના સાગર સહયોગથી સ્વામીજીની મૂર્તિ ગુરૂપૂર્ણિમા નિમિત્તે પ્રાણપ્રતિષ્ઠા શ્રીરંગ પાદુકા અને પૂજ્ય કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સમસ્ત ગ્રામજનો હર્ષોલ્લાસ સાથે જોડાયા હતા. ગુરૂપૂર્ણિમા મહોત્સવનું અધ્યક્ષપદ પ.પૂ. સ્વામી પ્રકાશનંદગીરી મહારાજે શોભાવ્યુ હતુ.

# કેન્દ્રના મંત્રાલયોમાં ૧૦ લાખ સાથે દેશભરમાં સરકારી ઓફિસોમાં ૬૦ લાખ જગ્યાઓ ખાલી

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

દેશમાં પ્રતિવર્ષ બેરોજગાર યુવાનો વધતા જાય છે અને તેમને સરકારી નોકરી નસીબ નથી ત્યારે તાજેતરમાં બહાર આવેલા એક સર્વેક્ષણમાં કેટલીક ચોંકાવનારી વિગતો સામે આવી છે. એવું કહેવાય છે કે સરકારને પણ મોંઘવારી નડી રહી છે, કારણ કે સરકારી કચેરીઓમાં નિવૃત્તિની સામે નવી ભરતીનો ગુણોત્તર જળવાઈ શકતો નથી. સર્વેમાં સામે આવેલી હકીકત પ્રમાણે કેન્દ્ર અને રાજ્ય સરકારોના વિભિન્ન વિભાગોમાં ૬૦ લાખથી વધુ પદ ખાલી પડ્યાં છે જે પૈકી ૧૦ લાખ પદ માત્ર કેન્દ્ર સરકારના વિભાગોમાં ખાલી છે. કોરોના સંક્રમણના સમયમાં ચોંકાવનારી બાબત એવી છે કે દેશના હેલ્થ સેક્ટરમાં ૧.૬૮ લાખ જગ્યાઓ ખાલી પડી છે. અખિલ ભારતીય રાજ્ય સરકાર કર્મચારી મહાસંઘના આંકડા પ્રમાણે વિભિન્ન રાજ્ય સરકારોમાં ખાલી પડેલી જગ્યાનો આંકડો ૩૦ લાખથી પણ

### બ્યુરોક્રસી માટે ગુજરાતમાં જે ચીમનભાઇ પટેલે કર્યું હતું તેવું પંજાબના મુખ્યમંત્રી અમરિંદરસિંહે કર્યું છે

વધી ચૂક્યો છે. સર્વે પ્રમાણે દેશભરમાં સરકારી ઓફિસોમાં ખાલી જગ્યાની સંખ્યા ૬૦૮૨૧૩૦ છે. આજે દેશમાં બેકારીની સમસ્યા તેની ચરમસિમા પર છે ત્યારે આટલી મોટી સંખ્યામાં ખાલી જગ્યા હોવી એ નિરાશાજનક ચિત્ર છે. કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયોમાં છેલ્લી સ્થિતિ પ્રમાણે ૩૯.૯૯ લાખ પૈકી ૯.૧૦ લાખ પદ ખાલી છે. ઓલ ઈન્ડિયા બેક્ર એમ્પ્લોઈઝ એસોસિયેશનના મહાસચિવ સીએચ વેંકટચલમ કહે છે કે બેક્રોમાં બે લાખ કરતાં વધુ જગ્યાઓ ખાલી પડી છે જેના કારણે હયાત કર્મચારીઓ પર કામનું ભારણ વધતું જતું હોવાથી કાર્યક્ષમતામાં ઘટાડો થયો છે. મોટાભાગના કર્મચારીઓ ફ્રસ્ટ્રેશન, સ્ટ્રેસ અને મેન્ટલી પ્રેશરનો સામનો કરી રહ્યાં છે. સચિવાલયના સૂત્રોએ કહ્યું હતું કે ગુજરાત સરકારના વિવિધ વિભાગો તેમજ જિલ્લા વહીવટી તંત્રમાં કર્મચારીઓની નિવૃત્તિના કારણે પ્રતિવર્ષ ૧૬૦૦૦ થી ૧૮૦૦૦ જેટલી જગ્યા ખાલી પડે છે. આજે ખાલી જગ્યાનો આંકડો ૫૦ હજારને પાર થઈ રહ્યો છે, બીજી તરફ રાજ્યમાં ૩૧૩ આઈએએસ પૈકી ૭૧ અને ૨૦૮ આઈપીએસ પૈકી ૫૦ જગ્યા ખાલી પડી છે.

**● એક મુખ્યમંત્રી આવા પણ છે જે ધમકી આપી શકે છે...**

દેશના રાજ્યોમાં શાસન કરતા મુખ્યમંત્રી પૈકી એવાં પણ છે કે જેઓ અધિકારીઓને આદેશની અવહેલના બદલ ધમકી પણ આપી શકે છે. ભૂતકાળમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલે આદેશનું પાલન નહીં કરતા એક સિનિયર અધિકારીએ કહી દીધું હતું કે તમારે આ વિભાગમાં રહેવું હોય તો મારા આદેશનું પાલન કરવું પડશે અન્યથા આ વિભાગ માટે બીજા ઓફિસરો લાઈનમાં ઉભા છે. અન્ય એક કિસ્સામાં એક અધિકારીએ ચીમનભાઈને કહી દીધું હતું કે સાહેબ, આપ જે કામ કરવાનું કહો છો તેનો કોઈ જીઆર નથી ત્યારે ચીમનભાઈએ વળતા પ્રહારમાં કહ્યું હતું કે --- ચીમન પટેલ બોલે એ જીઆર... તમારે આ કામ કરવું જ પડશે. અત્યારે આવા મુખ્યમંત્રી પંજાબને મળ્યા છે. કેપ્ટન અમરિંદરસિંહે તાજેતરમાં જ એક સિનિયર આઈપીએસ ઓફિસર હરપ્રીતસિંહને પાઠ ભણાવ્યો છે. આ ઓફિસરની નિયુક્તિ એટીએફના ચીફ તરીકે કરવામાં આવી હતી પરંતુ આ નિયુક્તિમાં વિવાદ ઉભો થતાં મુખ્યમંત્રીએ કહ્યું હતું કે જો ઓફિસર ખુશ નથી તો તે રાજ્ય છોડીને ડેપ્યુટેશન પર કેન્દ્રમાં જઈ શકે છે. તેમણે સ્પષ્ટતા કરી હતી કે રાજ્યમાં જનહિતમાં કરવામાં આવતી બદલીઓ એ મુખ્યમંત્રીના અધિકાર ક્ષેત્રમાં આવે છે અને તમામે તેનું પાલન કરવાનું રહેશે. મારા આદેશનું ઉલ્લંઘન થવું ન જોઈએ.

**● જે કામ ગુજરાતે કર્યું તે કામ હવે રાજસ્થાન કરે છે...**

### બાબુથી નેતા બનેલા એ.કે. શર્મા હવે ઉત્તરપ્રદેશના જિલ્લા ફરીને ભાજપના કાર્યકરોને શિક્ષણ આપે છે

ગુજરાતમાં જ્યારે નરેન્દ્ર મોદીનું શાસન હતું ત્યારે તેમણે ધીમે ધીમે જીએએસ કેડરના ઓફિસરોને જિલ્લા વહીવટી તંત્રમાં નિયુક્તિ આપવાનું શરૂ કર્યું હતું જેઓ આજે મોટાભાગના જિલ્લાઓમાં વહીવટ ધરાવે છે. તેમનો આશય એવો હતો કે જિલ્લામાં ભારતીય વહીવટી સેવાના અધિકારીઓ હશે તો તેમને કામ સમજવામાં મુશ્કેલી પડશે. આમ પણ જિલ્લા વહીવટી તંત્રમાં કે જે કામગીરી થાય છે તે સીધી સ્થાનિક જનતાને અસર કરે છે. સ્થાનિક ઓફિસર લોકોના પ્રશ્નો સરળતાથી સમજી શકે છે તેથી આ બદલાવ જરૂરી છે. ગુજરાતની બ્યુરોક્રેસીમાં આ બદલાવ પછી તામિલનાડુ અને હવે રાજસ્થાન સરકારે પણ આ પ્રયોગ શરૂ કર્યો છે. રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે રાજ્યના ૩૩ જિલ્લા પૈકી ૧૫ જિલ્લાનની કમાન પ્રમોટી આઈએએસ ઓફિસરોને સોંપી દીધી છે. ગુજરાત વહીવટી સેવા (જીએએસ) ની જેમ રાજસ્થાનમાં પણ આરએએસ કેડર છે. આ કેડરમાં પ્રમોશન મેળવીને આઈએએસ થયેલા અધિકારીઓને હવે જિલ્લા કલેક્ટરની પોસ્ટ પર મૂકવામાં આવી રહ્યાં છે. જો કે ગુજરાતમાં આ બદલાવ ૧૯૯૫માં આવ્યો હતો કે જ્યારે કેશુભાઈ પટેલ મુખ્યમંત્રી હતા પરંતુ તે સમયે ગણતરીના ઓફિસરોને જિલ્લાની કમાન સોંપવામાં આવી હતી. આજે ગુજરાતના જિલ્લા કલેક્ટરના પદપર મોટાભાગના ગુજરાતી ઓફિસરોનો દબદબો જોવા મળે છે.

**● એકે શર્મા ભાજપના કાર્યકરોને એક્સપર્ટ એડવાઇઝ આપે છે**

અરવિંદકુમાર શર્મા એટલે કે એકે શર્મા કે જેઓ ગુજરાતમાં અને દિલ્હીમાં નરેન્દ્ર મોદી સાથે કામ કરી ચૂક્યાં છે તેમને હવે ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણી પહેલાં નવી જવાબદારી સોંપવામાં આવી છે. તેઓ પ્રદેશના વાઈસ પ્રેસિડેન્ટ હોવાથી તેમની પાસે ભાજપના કાર્યકરોને પાઠ ભણાવવાનું કામ આવ્યું છે. હાલ તેઓ વિવિધ જિલ્લાઓમાં પ્રવાસ કરીને ભાજપના કાર્યકરોને એક્સપર્ટ એડવાઈઝ આપી રહ્યાં છે. ૧૯૮૮ બેચના ગુજરાત કેડરના આ નિવૃત્ત અધિકારી બાબુ મટી પોલિટીશયન બની ચૂક્યાં છે. સરકારી નોકરી છોડી તેમણે ઉત્તરપ્રદેશના રાજકારણમાં એન્ટ્રી લીધી છે. તેમણે મોદી સાથે ૨૦ વર્ષ સુધી કામ કર્યું છે. એકે શર્માની એમએલસીની નિયુક્તિ સામે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વાંધો લીધો હતો અને તેમને કેબિનેટમાં સ્થાન આપવાનો સ્પષ્ટ શબ્દોમાં ઈક્રાર કરી દીધો હતો. આ અવગણના પછી ભાજપના હાઈકમાન્ડે તેમને સંગઠનમાં મહત્વનું પદ આપ્યું છે અને હવે તેમને રાજ્યના વિવિધ જિલ્લાઓમાં પરિભ્રમણ કરવાનું કહ્યું છે. ગુજરાતમાં જ્યારે નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી બન્યા હતા ત્યારે ૨૦૦૧માં એકે શર્મા ચીફ મિનિસ્ટર કાર્યાલયમાં જોડાયા હતા. મોદી જ્યારે વડાપ્રધાન બન્યા ત્યારે એકે શર્મા ૨૦૧૪માં પ્રાઈમ મિનિસ્ટર કાર્યાલયમાં જોડાયા હતા. તેમનું મૂળ વતન ઉત્તરપ્રદેશ છે અને તેઓ ભૂમિહાર સમાજમાંથી આવે છે અને આ સમાજનું પૂર્વાંચલ વિસ્તારમાં પ્રભુત્વ છે. ૧૯૮૮માં તેમની પસંદગી આઈએએસમાં થયા પછી તેમને ગુજરાત કેડરમાં મૂકવામાં આવ્યા હતા. સામાન્ય રીતે ચર્ચામાં ખૂબ ઓછા રહેતા એકે શર્મા વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં મહત્વની ભૂમિકા નિભાવી ચૂક્યાં છે.

### ગુજરાતની જેમ રાજસ્થાનમાં પણ જિલ્લા વહીવટી તંત્રના વડા તરીકે પ્રમોટી IAS ઓફિસર નિમાયા છે

**● માર્ગના ઠેકાણાં નહીં છતાં ટોલટેક્સની ઉઘરાણી...**

ગાંધીનગર થી હિંમતનગરના નેશનલ હાઈવે અત્યંત ભંગાર હાલતમાં છે અને અનેક ડાયવર્ઝનથી તે ભયજનક બન્યો છે છતાં વાહનચાલકો પાસેથી નિયમથી વિપરિત ટોલટેક્સ ઉઘરાવવામાં આવે છે. આ નેશનલ હાઈવેનું રિનોવેશન ઘણાં વર્ષોથી ચાલી રહ્યું છે પરંતુ હંમેશા અધુરૂં રહેવા પામ્યું છે. આ માર્ગ ઉપરાંત હિંમતનગરથી શામળાજી જતા હાઈવેની પણ આવી જ હાલત છે છતાં ટોલટેક્સ વસૂલ કરવામાં આવે છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના માર્ગ સલામતિના કાયદા આ હાઈવે પર લાગુ કરવામાં આવતા નહીં હોવાથી ઘણીવાર વાહનચાલકો અને ટોલટેક્સ ઉઘરાવતી કંપની વચ્ચે ઘર્ષણના બનાવો પણ બની રહ્યાં છે. પોતાની પ્રાઈવેટ કારમાં ગાંધીનગરથી શામળાજી જવું હોય તો બે ટોલટેક્સ પર વાહનચાલકને ૧૩૫ રૂપિયાનો ટોલટેક્સ ચૂકવવો પડે છે. જો ફાસ્ટટેગથી ટેક્સ વસૂલ નહીં થાય તો વાહનચાલક પાસેથી બમણો એટલે કે ૨૭૦ રૂપિયાનો ટેક્સ વસૂલ કરવામાં આવે છે. રાજ્યના માર્ગ-મકાન વિભાગના અધિકારીએ કહ્યું હતું કે જે ટોલરોડ પર મોટાપાયે મરામત થઈ રહી હોય ત્યારે તે સમય દરમ્યાન ટોલટેક્સ લેવાનું મુલતવી રાખવું જોઈએ, કેમ કે વાહનચાલકને વિઘ્ન વિના સુવિધા મળે તો જ તે ટોલટેક્સ ભરવાને હક્કદાર છે.